**ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ (GSHSEB) અને નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી સંલગ્ન રાજ્યની તમામ સરકારી, ગ્રાન્ટ-ઇન-એઈડ અને સ્વનિર્ભર શાળાઓમાંGrade-Appropriate Learning Outcomes અને Higher Order Thinking Skills સાથેનુંશ્રેષ્ઠ ગુણવત્તાયુક્ત શિક્ષણ સુનિશ્ચિત કરવા બાબત...**

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક :બમશ/૧૧૨૦/૧૪૨/છ
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૧૨/૦૨/૨૦૨૦

વંચાણે લીધા:

1. બાળકના મફત અને ફરજિયાત શિક્ષણ અધિકાર (સુધારા) અધિનિયમ, ૨૦૧૯
2. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ.માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨ની કલમ ૪૮ અન્વયે મળેલ સત્તા
3. સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળ,ગુજરાતના પ્રતિનિધિઓ સાથે તા.૬/૨/૨૦૨૦ના રોજ યોજાયેલ બેઠકની કાર્યવાહી નોંધ
4. સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળ-ગુજરાતનો તા.૧૦-૦૨-૨૦૨૦નો પત્ર
5. સીંગલ ફાઇલ ક્રમાંકઃ ૨૧૦ તા.૦૭-૦૨-૨૦૨૦ પર મળેલ મંજૂરી

**આમુખ:**

ગુજરાત રાજયમાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સરકારી, ગ્રાંટ-ઇન-એઇડ અને સ્વનિર્ભર શાળાઓ મળી કુલ અંદાજે ૫૫,૦૦૦ શાળાઓમાં સવા કરોડ જેટલા બાળકો અભ્યાસ કરે છે. તે પૈકી અંદાજે ૫૦૦ શાળાઓ જ સી.બી.એસ.ઇ., આઇ.સી.એસ.ઇ. અથવા અન્ય બોર્ડ સાથે સંલગ્ન છે. આ સિવાયની તમામ શાળાઓ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ અને નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ કચેરી સાથે સંલગ્ન છે. આ તમામ શાળાઓમાં શ્રેષ્ઠ ગુણવત્તાયુક્ત શિક્ષણ થકી આવનારા સમયમાં ઉદભવનાર તકોનોમહત્તમ લાભ વિદ્યાર્થીઓને મળે અને પડકારોને ઝીલીને ઉચ્ચ અભ્યાસ અને કારકિર્દીમાં સફળતા પ્રાપ્ત કરે તે માટે રાજ્ય સરકાર સંકલ્પબદ્ધ છે. આવનાર દિવસોમાં ભારતના અન્ય રાજ્યો કરતાં પ્રગતિશીલ (Progressive) અને ભવિષ્યલક્ષી (Futuristic) શિક્ષણ પ્રણાલી ગુજરાતમાં અમલમાં મૂકવા અને તે દ્વારા New India માટે સુસજ્જ, શિક્ષિત અને કુશળ માનવબળ તૈયાર કરવા રાજ્ય સરકાર કટીબદ્ધ છે.

શાળાઓમાં માળખાકીય સુવિધાઓ, શિક્ષકોની ભરતી અને વિદ્યાર્થીઓના નામાંકનમાં ગુજરાતમાં છેલ્લા દાયકાઓમાં ખૂબ અસરકારક કામ થયું છે. આગામી સમયમાં તે જ પ્રતિબદ્ધતા સાથે શિક્ષણની ગુણવત્તા સુધારણામાટે કામગીરી હાથ ઉપર લેવામાં આવી છે. દરેક શાળામાં ધોરણ પ્રમાણે શૈક્ષણિક નિષ્પત્તિઓ (Grade Appropriate Learning Outcomes) સુનિશ્ચિત કરવા શિક્ષણ વિભાગ દ્વારા કેટલાંક મહત્વના પગલાંલેવામાં આવેલ છે. આવનાર ત્રણથી ચાર વર્ષમાં ગુજરાતની તમામ સરકારી, અનુદાનિત અને બિનઅનુદાનિત શાળાઓમાં Learning Outcomes કેન્દ્રિત કામગીરી થાય અને બાળકોમાં **Higher Order Thinking Skills** નો વિકાસ થાય તે હેતુથી કેટલાક મહત્વનાપગલાં તમામ સંબંધિત લોકો સાથે ચર્ચા કરી શિક્ષણ વિભાગ દ્વારા અમલમાં મૂકવા નિર્ણય કર્યો છે જેની મહત્વની બાબતો નીચે મુજબ છે.

શૈક્ષણિક ગુણવત્તા અભિવૃદ્ધિ અર્થે **National Curriculum Framework (NCF)**ને ધ્યાનમાં રાખી રાજ્ય સરકાર દ્વારા પાઠ્યપુસ્તકો તૈયાર કરવામાં આવ્યા છે, જેમાં નવા સત્રથી ધોરણ ૩ થી ૮ના તમામ પાઠ્યપુસ્તકોને **QR Codes**થી સજ્જ કરી **Energized Textbooks(ETB)**આપવામાં આવનાર છે. આ ઉપરાંત ધોરણ ૯ થી ૧૨માં ગણિત, વિજ્ઞાન જેવા વિષયોમાં એન.સી.ઇ.આર.ટી.નાં પાઠ્યપુસ્તકોનો સ્વીકાર કરવામાં આવ્યો છે. નેશનલ એચીવમેન્ટ સર્વે **(NAS)**, નેશનલ ટેલેન્ટ સર્ચ એકઝામીનેશન**(NTSE)**તેમજ નેશનલ મીન્સ કમ મેરીટ એકઝામીનેશન**(NMMS)**માં ગુજરાત રાજ્યનાં બાળકો યોગ્ય દેખાવ કરી શકે તે માટે ઉચ્ચ વૈચારિક ક્ષમતા **(Higher Order Thinking Skill)**આધારિત પરીક્ષાનું આયોજન થઇ શકે તે આવશ્યક છે. પરીક્ષાને વધુ ઉપયોગીઅને અર્થપૂર્ણ બનાવવાના કારણે વિદ્યાર્થીઓનો **JEE**, **NEET**અને અન્ય સ્પર્ધાત્મકપરીક્ષાઓમાં દેખાવ પણ સુધરશે જેનો લાભ ગુજરાત રાજ્યના તમામ વિદ્યાર્થીઓને મળી રહેશે. આ ઉપરાંત, વર્ષ 2024માં **PISA (Program for International Students Assessment)** માટે પણ રાજ્ય ભાગ લેવા માટે ઇચ્છા ધરાવી રહ્યું છે. આથી, તેને અનુરૂપ પ્રશ્નોના મહાવરા માટેની જરૂરિયાત જણાય છે.ચાલુ શૈક્ષણિક વર્ષથી રાજ્યની શાળાઓમાં એક સમાન શાળાકીય સમયપત્રક અમલીકૃત કરવામાં આવેલ છે. રાજ્યની તમામ શાળાઓમાં ઓનલાઇન હાજરીનો અમલ કરવામાં આવી રહ્યો છે. તેમજ એકસમાન શૈક્ષણિક કેલેન્ડરનો અમલ કરવામાં આવી રહ્યો છે.

આ ઉપરાંત સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં એકમ કસોટી, કેન્દ્રીયકૃત પ્રથમ અને દ્વિતીય સત્રાંત પરીક્ષાનો અમલ થઇ રહ્યો છે. રાજ્યનાં તમામ બાળકો એકસમાન રીતે અધ્યયન કરી શકે, બાળકોનું સતત અને સર્વગ્રાહી રીતે તટસ્થતાપૂર્ણ મૂલ્યાંકન થાય અને બાળકોમાં ઉચ્ચ વૈચારિક ક્ષમતા**(Higher Order Thinking Skill)**નો વિકાસ કરી શકાય તે હેતુસર રાજ્યની તમામ સરકારી, ગ્રાંટ-ઇન-એઇડ અને સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓ તેમજ માધ્યમિક અને

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સાથે સંલગ્ન સરકારી, ગ્રાંટ-ઇન-એઇડ અને સ્વનિર્ભર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે તમામ સંલગ્ન Stake Holders એટલે કે શિક્ષક સંઘો, સ્વ-નિર્ભર શાળા સંચાલક મંડળઅને શિક્ષણવિદો સાથે શૈક્ષણિક ગુણવત્તા અભિવૃદ્ધિ અર્થે ચર્ચા પરામર્શન કરવામાં આવેલ છે.ઉપરોક્ત બાબતો રાજ્ય સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. રાજ્ય સરકારશ્રી દ્વારા પુખ્ત વિચારણાના અંતે નીચે દર્શાવ્યા મુજબની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

## ઠરાવ:

સક્રિય વિચારણાને અંતે રાજ્યની તમામ સરકારી, ગ્રાંટ-ઇન-એઇડ અને સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓ તેમજ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની સંલગ્નતા ધરાવતી સરકારી, ગ્રાંટ-ઇન-એઇડ અને સ્વનિર્ભર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે એક સમાન એકમ કસોટી (Formative Assessment) અને બંને પ્રથમ તથા દ્વિતીય સત્રાંત કસોટી (Summative Assessment) નું આયોજન**શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧થી**અમલમાં મૂકવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સંદર્ભેનીચે મુજબની વિગતવાર સૂચનો આપવામાં આવે છે.

1. પ્રવર્તમાન શાળા માન્યતા અંગેની શરતો અનુસાર રાજ્યની તમામ સરકારી, અનુદાનિત અને બિન અનુદાનિત પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અધ્યયન નિષ્પત્તિઓ **(Learning Outcomes)**ના આધારે તૈયાર થયેલ ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત પાઠ્યપુસ્તકના આધારે અધ્યયન – અધ્યાપન કરાવવાનું રહેશે. કોઈપણ ખાનગી પ્રકાશનના પાઠ્યપુસ્તકોનો ઉપયોગ શાળામાં કરી શકાશે નહિ. જરૂર જણાય તો સંદર્ભ સાહિત્ય (Reference material)નો ઉપયોગ કરી શકાશે પરંતુ વિદ્યાર્થીઓને ખરીદવા માટે કે વાપરવા માટે ફરજ પાડી શકાશે નહીં. શૈૈક્ષણિક વર્ષ 2020-21 થી તે શરતના તમામ શાળાઓમાં સખતપણે અમલ કરાવવાનો રહેશે.
2. ગુજરાત રાજ્ય શાળા પાઠ્ય પુસ્તક મંડળ ધ્વારા તમામ સરકારી અને અનુદાનિત શાળાઓને વિના મુલ્યે પાઠ્ય પુસ્તકો આપવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ 2020-21થી એપ્રિલ મહિનામાં નવા સત્ર ચાલુ થતા પહેલા જ પાઠ્ય પુસ્તકો શાળાઓને ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ પાઠ્ય પુસ્તકો તમામ બિન અનુદાનિત શાળાઓને પણ એપ્રિલ મહિનામાં જ નિયત કિમતે ઉપલબ્ધ કરાવવામાં આવશે.
3. ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત પાઠ્યપુસ્તકોના આધારે જ એકમ કસોટી તેમજ પ્રથમ અને દ્વિતીય સત્રાંત કસોટીનું આયોજન કરવામાં આવશે.

4. પ્રાથમિક શાળાઓ માટે રાજ્ય કક્ષાએ એકમ કસોટી અને પ્રથમ તથા દ્વિતીય સત્રાંત કસોટીના પ્રશ્નપત્રોની રચનાતેમજપરીક્ષા સંચાલન સંબંધી જરૂરી સૂચનાઓ ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ **(GCERT)**, ગાંધીનગર મારફત આપવામાં આવશે જેનું પાલન શાળાઓએ કરવાનું રહેશે. આ ઉપરાંત જિલ્લા કક્ષાએ એકમ કસોટી તેમજ પ્રથમ અને દ્વિતીય સત્રાંત કસોટીનું સંચાલન જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીની કચેરીએ કરવાનું રહેશે.

5. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ પૈકી ધોરણ ૯ અને ૧૧ માટે એકમ કસોટી તેમજ પ્રથમ અને દ્વિતીય સત્રાંત કસોટીના પ્રશ્નપત્રોની રચના તેમજ પરીક્ષા સંચાલન સંબંધી સૂચનાઓ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર**(GSHSEB)** મારફત કરવામાં આવશે. જેનું પાલન શાળાઓએ કરવાનું રહેશે. જિલ્લા કક્ષાએ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ પૈકી ધોરણ ૯ અને ૧૧ માટે એકમ કસોટી અને પ્રથમ તથા દ્વિતીય સત્રાંત કસોટીના સંચાલનની જવાબદારી જિલ્લા શિક્ષણાધિકારી કચેરીની રહેશે.ઉકત બાબત ધોરણ ૧૦ અને ૧૨ની એકમ કસોટી તથા પ્રથમ પરીક્ષા અને પ્રિલીમીનરી પરીક્ષાને તે મુજબ લાગુ પડશે.

6. એકમ કસોટી તેમજ પ્રથમ અને દ્વિતીય  સત્રાંત કસોટીના ગુજરાતી સિવાયના માધ્યમો જેવા કે અંગ્રેજી, હિન્દી અને અન્ય પ્રાદેશિક ભાષાના માધ્યમના પ્રશ્નપત્રો પણ GCERT અને GSHSEB ધ્વારા જ તૈયાર કરવામાં આવશે.

7. આ સમગ્ર કામગીરીમાં તમામ સંલગ્ન સંબંધિત કચેરીઓના અધિકારીઓ અને સ્વ-નિર્ભર શાળા સંચાલક મંડળના પ્રતિનિધિઓને  સમાવીસ્ટ કરી એક **TASK FORCE** ની રચના કરવામાં આવશે. આ નવા પ્રયોગના સુચારુ સંચાલન માટે અને આગામી સમયમાં તેના આયોજન અને અમલીકરણ વખતે ઉદ્ભવતા પ્રાયોગિક સમસ્યાઓના નિરાકરણ માટે TASK FORCEના પરામર્શમાં રહી કરવાના રહેશે.

8. રાજ્યસ્તરેથી ધોરણ 3 થી 10 ગુજરાતી, ગણિત, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાનનાં સમાન પ્રશ્નપત્રો આપવામાં આવશે. જ્યારે ધોરણ 11 અને 12-વિજ્ઞાન પ્રવાહ માટે ગણિત, ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન, જીવવિજ્ઞાન તથા અંગ્રેજી અને સામાન્ય પ્રવાહ માટે અંગ્રેજી, નામાના મૂળતત્વો,  વાણિજ્ય વ્યવસ્થા, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના સમાન પ્રશ્નપત્રો આપવામાં આવશે.

9. આ કામગીરી અર્થે જિલ્લા કક્ષાએ શિક્ષણ સેવા વર્ગ-રથી ઉતરતી કક્ષાના ન હોય તેવા અધિકારીને પરીક્ષા નોડલ અધિકારી તરીકેની જવાબદારી સોંપવાની રહેશે.

10. જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓ માટે પ્રથમ તથા દ્વિતીય સત્રાંત કસોટીના પ્રશ્નપત્રો જિલ્લા શિક્ષણ સમિતિ/જિલ્લા પંચાયત મારફત છપાવીને શાળા સુધી પહોંચાડવાની જવાબદારી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની કચેરીની રહેશે. બિનસરકારી (અનુદાનિત અને બિનઅનુદાનિત) પ્રાથમિક શાળાઓ માટેના પ્રશ્નપત્રો જે તે સંસ્થાને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા પૂરા પાડવાના રહેશે. આ અંગે થનાર ખર્ચ જે તે સંસ્થાએ ચૂકવવાનું રહેશે.

11. જિલ્લાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે પ્રથમ તથા દ્વિતીય સત્રાંત કસોટીના પ્રશ્નપત્રો છપાવીને શાળા સુધી પહોંચાડવાની જવાબદારી જિલ્લા શિક્ષણાધિકારીની રહેશે. બિનસરકારી (અનુદાનિત અને બિનઅનુદાનિત) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટેના પ્રશ્નપત્રો જે તે સંસ્થાને જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા પૂરા પાડવાના રહેશે. આ અંગે થનાર ખર્ચ જે તે સંસ્થાએ ચૂકવવાનું રહેશે.

12. એકમ કસોટીનું મૂલ્યાંકન શાળા કક્ષાએ કરવાનું રહેશે. જ્યારે શાળાઓના પ્રથમ તથા દ્વિતીય સત્રાંત કસોટીની ઉત્તરવહીઓની ચકાસણી અર્થે જે તે કલસ્ટરની શાળાઓમાં ઉત્તરવહીઓની યાદચ્છિક રીતે વહેંચણી કરી ઉત્તરવહીઓની થર્ડ પાર્ટી ચકાસણી કરાવવાની રહેશે. તે બાબતે વિગતવાર સૂચનાઓ પ્રાયોગિક સમસ્યાઓને ધ્યાને રાખી કોઈપણ અવ્યવસ્થા ન સર્જાય તે રીતે TASK FORCEના પરામર્શનમાં રહી આપવામાં આવશે.

13. રાજ્યની તમામ શાળાઓએ વિદ્યાર્થીઓએ એકમ કસોટી અને પ્રથમ તથા દ્વિતીય સત્રાંત કસોટીમાં મેળવેલ ગુણ સમગ્ર શિક્ષા અભિયાન (SSA) દ્વારા તૈયાર કરવામાં આવે તે વેબ પોર્ટલ પર અપલોડ કરવાના રહેશે.

14. એકમ કસોટી તેમજ પ્રથમ અને દ્વિતીય સત્રાંત પરીક્ષાના આગોતરા આયોજન કરી તે અંગેની વિગતો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ તથા શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા તૈયાર કરવામાં આવનાર શૈક્ષણિક કેલેન્ડરમાં સમાવિષ્ટ કરવાની રહેશે.

15. રાજ્યની બિનસરકારી (અનુદાનિત તેમજ બિન અનુદાનિત) શાળાઓ માટે ગુણવત્તા સુનિશ્ચિત કરવા સંદર્ભે જીસીઇઆરટી અને ડાયટ દ્વારા નીચે મુજબ સહાયતા પૂરી પાડવામાં આવશે.

    a. રાજ્યની બિનસરકારી (અનુદાનિત તેમજ બિન અનુદાનિત) શાળાઓ માટે શિક્ષકોની સેવાકાલીન તાલીમો કરાવવા માટે રાજ્ય સ્તરે જીસીઇઆરટી તેમજ જિલ્લા સ્તરે ડાયટનું માર્ગદર્શન તેમજ સહયોગ કરવામાં આવશે. ઉપરાંત આ તમામ શિક્ષકોને **Professional Development** માટે સ્વ-અધ્યયન સ્વરૂપે પણ તાલીમ આપવાની વ્યવસ્થા પૂરી પાડવામાં આવશે.

b. જરૂરિયાત અનુસાર પરસ્પર સમજૂતીથી રાજ્યની ખાનગી શાળાઓ તેમજ ડાયટ એકબીજાની ભૌતિક સુવિધાઓનો પણ ઉપયોગ કરી શકશે.

c. આ ઉપરાંત, બિન-અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં Foundational Learningતેમજ પ્રજ્ઞા અભિગમ / પ્રવૃત્તિ આધારિત શિક્ષણ કાર્ય (Activity Based Learning)કરવા માટે જીસીઇઆરટી તરફથી સહયોગ પ્રાપ્ત કરાવવામાં આવશે.

d. દીક્ષા પ્લેટફોર્મ(DIKSHA Platform)નો ઉપયોગ કરીને ખાનગી શાળાના શિક્ષકોના Professional Development માટે સરકારી તથા બિનસરકારી શાળાના શિક્ષકોની શ્રેષ્ઠ પ્રયોગો (Best Practices)નો પરસ્પર આદાન પ્રદાનની તકો પૂરી પાડવામાં સહયોગ કરવામાં આવશે.

ગુજરાતરાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે. એમ. મિસણ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજ ભવન, ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૧, નવા સચિવાલય,ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, નવા સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા, સેક્ટર-૧૭, ગાંધીનગર
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક-૯/૧, ડૉ.જી.મ.ભવન, ગાંધી નગર
- અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
- પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, બ્લોક-૧૨/૧, ડૉ. જી.મ.ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, જીસીઇઆરટી, ગાંધીનગર
- અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર
- નિયામકશ્રી, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

Scanned with CamScanner